सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૧૯ | ઓકટોબર ૧૯૯૮ | અંક ૨

## શ્રધ્ધાંજલિ

સંસ્થાના ટ્રસ્ટી, ભૂતપૂર્વ મંત્રી અને વ્યવસ્થાપક સમિતિના સભ્ય માનનીય શ્રી ચંદ્રકાંતભાઈ બકુભાઈના અવસાનની નોંધ લેતાં અત્યંત દુઃખની લાગણી અનુભવીએ છીએ.

શ્રી ચંદ્રકાંતભાઈ દ્રષ્ટિવંત અને પ્રગતિશીલ વિચારસરણી ધરાવતાં બહુશ્રુત ઉદ્યોગપતિ હતાં. ખૂબ લાંબા સમય સુધી સંસ્થાને તેમની સેવાઓનો લાભ મળ્યો, તેને હું સંસ્થાનું સદભાગ્ય માનું છું. સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં તેઓ ઝીણવટપૂર્વક રસ લેતાં, ચર્ચા કરતાં અને પોતાના અનુભવની તેમજ વિશાળ વાંચનની સતત અનુભૂતી કરાવતાં.



બહુ ઓછા એવા માણસોનાં સંપર્કમાં આવવાનું થયું છે કે જેઓ સામેની વ્યક્તિના નિખાલસ અને ભિન્ન મંતવ્ય ધરાવતાં મતને મહત્વ આપે, કયારેક અસંમત થાય અને છતાં આદરપૂર્વક જરૂર હોય ત્યાં તેનો સ્વીકાર કરે. બહુ લાંબા વર્ષો સુધી આવા શ્રી ચંદ્રકાંતભાઈ સાથે કામ કરવાનું મળ્યું તેને હું મારું સદભાગ્ય માનું છું.

શ્રી ચંદ્રકાંતભાઈ ઉદ્યોગપતિ તો હતાં જ પરંતુ જીવનના વિવિધ ક્ષેત્રોમાં તેઓ સુરૂચિપૂર્ણ રસદ્રષ્ટિ ધરાવતાં. સંગીત માટેનો તેમનો લગાવ જાણીતો છે. અમદાવાદની પ્રજાને અનેક સંગીતકારોને સાંભળવાનો લ્હાવો તેમના થકી મળ્યો છે. તેઓ ફોટોગ્રાફીના પણ એટલા જ શોખીન હતા. ' ફોકસ ' સંસ્થાના ફાઉન્ડર મેમ્બર્સમાંના તેઓ એક હતા, એટલું જ નહી પણ પોતે વ્યસ્ત હોવા છતાં આ સંસ્થાની અનેક મીટીંગોમાં હાજરી આપતાં અને નવોદીત ફોટોગ્રાફરને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડતાં.

સાહિત્યમાં પણ તેમને ખૂબ રસ હતો. સાહિત્યની નવી કૃતિઓથી તેઓ હંમેશ પરિચિત રહેતા, તેનું વાંચન અને મનન તે તેમનો આગવો શોખ હતો.

ધર્મના વિશાળ સંદર્ભમાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ લેતાં એટલું જ નહીં પણ વિવિધ ધર્મોનું તેમનું વાંચન અને મનન આશ્ચર્ય પમાડે તેટલું ઊંડાણ ધરાવતું હતું.જૈન ધર્મ ઉપરાંત ઈસ્લામ, પારસી , ક્રિશ્ચિયન તેમ જ વિવિધ ધર્મોના પુસ્તકોનાં સંદર્ભ તેમની પાસેથી પ્રાપ્ત થતાં.

તેમનું મિત્રવર્તુળ પણ વિવિધ રસ ધરાવતાં સ્વજનોનું બનેલું હતુ. દર વર્ષે તેઓ એ મિત્રવર્તુળની સાથે વાર્ષિક મેળાવડો યોજતાં એવે વખતે એ સભ્યોનું મિલન એ સૌને માટે સુખદ અનુભવ રહેતો.

શ્રી ચંદ્રકાંતભાઈના અવસાનથી અનેક લોકોએ પોતાનાં સ્વજન ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું છે. તેમનાં અવસાનથી તેમનાં કુટુંબીજનોને માથે આવી પડેલ આઘાતને સહન કરવાની શક્તિ ઈશ્વર આપે અને સદગતનાં આત્માને પરમ શાંતિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

## શ્રી નવનીતભાઈ પારેખનું નિધન

સંસ્થાના સ્વજન માનનીય શ્રી નવનીતભાઈ પારેખના અવસાનની નોંધ લેતા સંસ્થા દુઃખની લાગણી અનુભવે છે.

અલમૌડાથી વીસેક કિલોમીટર દૂર બીનસર પાસે " ખાલી " એસ્ટેટમાં ૧૯૬૩ માં સાઠેક વિદ્યાર્થીઓ સાથે પહેલીવાર જવાનું થયું ત્યારથી છ સાત વખત તેમના આતિથ્યનો પ્રેમભર્યો અનુભવ સંસ્થાને થયો છે. ૧૯૬૩ માં તો શ્રી રવિશંકર મહારાજ અને સ્વામી આનંદ સાથે ત્યાં રહેવાનો અમૂલ્ય અનુભવ થયો.તેનું શ્રેય શ્રીનવનીતભાઈને ફાળે જાય છે.

હિમાલયનું અપ્રતિમ સૌંદર્ય ખાલી એસ્ટેટથી જોવાનો લ્હાવો કુમાઉના દરેક પ્રવાસો વખતે મળ્યો છે.૧૯૬૩માં આલમૌડાથી ખાલી કે બીનસરના રસ્તાઓ પણ કાચા અને પહાડી, નિયમિત વ્યવહાર માર્ગ હજુ શરૂ નહોતો થયો. ખાલીમાં પણ એ દિવસોમાં પૂરા વર્ષનું પાણી ટાંકાઓમાં ભરીને પૂરું ચલાવવાનું રહે તેવી પરિસ્થિતિમાં સાઠેક જેટલા કાફલાની સગવડ સાચવવી કપરી હોવા છતાં પૂરા ઉત્સાહથી અને અનન્ય પ્રેમથી બાળકોનું આતિથ્ય શ્રી નવનીતભાઈએ કર્યું. તે હંમેશા યાદ રહેશે. અમદાવાદ આવે તે પહેલાં આગોતરી કાર્યક્રમની જાણ પત્રથી કરે અને સૌ મિત્રોને પ્રેમથી મળવાનું અવશ્ય ગોઠવે.ખાલી એસ્ટેટમાં હિમાલયના સંદર્ભમાં તેમણે વસાવેલી લાયબ્રેરી, કુટિરો, તેમની સાથેનો સહવાસ અને સંવાદો અમૂલ્ય સંભારણું બની રહ્યું છે.

આવા અત્યંત સુશીલ, દ્રષ્ટિવંત અને અનેક પ્રદેશોમાં ફરી તેનો પરિચય તેમના અનુભવ ક્ષેત્રે લખાણો દ્વારા ગુજરાતી વાંચકોને કરાવનાર પરિભ્રમકની વિદાય ગુજરાતને માટે ન પૂરાય તેવી ખોટ છે.

ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

---

**એક હતું જંગલઃ** નેશનલ સ્કુલ ઓફ ડ્રામા ( દિલ્હી) ના સહયોગથી નિર્દેશક શ્રી ભાર્ગવભાઈ ઠક્કરના નિદર્શન હેઠળ એક મહિનાની નાટયકલાની વર્કશોપનું આયોજન સફળતાપૂર્વક થયું. જેમાં ૬૦ ઉપરાંત બાળકો આ આયોજનનો લાભ લઈ શકયા અને આ આખો પ્રોજેકટ ખૂબ સફળ થયો.

## " આટલું કરીશું ? "

" બેન મારું રબ્બર ખોવાઈ ગયું છે " નેહા રડતી રડતી આવી...

" રબ્બર તો લાવવાનું નથી તું કેમ લઈને આવી ? "....

ત્યાં તો રત્ના આવી.. " બેન મારી પેન્સિલ ખોવાઈ ગઈ ..ત્રણ દિવસથી રોજ નવી પેન્સિલ મમ્મી આપે છે પણ ખોવાઈ જ જાય છે...

ત્યા તો પેલા અપૂર્વને તેના મમ્મીએ પૂછયું.. "આજે તેં નાસ્તો કેમ કર્યો નથી ? " તો અપૂર્વએ કહ્યું.. " મમ્મી અમારા વર્ગમાંથી રોજ જ કોઈ રબ્બર ચોરે છે એટલે આજે અમે રીસેસમાં એ રબ્બર કોણ લે છે તેની તપાસ રાખતાં હતાં..અમારે જાણવું હતું કે રબ્બર જાય છે કયાં..? એટલે નાસ્તો કરવાનો સમય ન મળ્યો.."

અને ઉપલા વર્ગોમાં નોટો જાય,ચોપડીઓ જાય..રોજેરોજ વસ્તુઓ ખોવાવાની આ બહુ મોટી સમસ્યા છે. એમાં કશું જ ન કરી શકાય?

ઈશ્વરે માણસમાં કેટલીક સાહજીક વૃત્તિઓ મૂકી છે તેમાં માલિકીની વૃત્તિ Possesive instinct પણ એક મહત્વની વૃત્તિ છે અને એટલે બાળક કોઈનું કંઈક સારું જુએ એટલે સાહજીક રીતે તેને મન થાય.. ' મારી પાસે પણ આવું હોય તો !'.. ઘેર જઈને મમ્મીને વાત કરે ' મને એવી પેન્સિલ અપાવ..' પણ કયાંતો મમ્મીને સમય ન મળે કયાં તો બીજી પેન્સિલો હોય એટલે એવી જ પેન્સિલ અપાવવાનુ માને જરૂરી ન લાગે અને એટલે બાળકને એ વસ્તુ ન મળે,તેના મનમાં એક અસંતોષ જાગે.. મને કેમ એવી પેન્સિલ નહીં ?"... અને એમાંથી એ પેલા બાળકની પેન્સિલ લેવા પ્રેરાય.. કયારેક તો એ નાદાન બાળકને ખબર પણ નથી હોતી કે એ ચોરી કહેવાય..પણ ધીરેધીરે કરતાં આમ જ બાળકને ચોરી કરવાનીટેવ પડે છે. આપણે એમાં કંઈ ન કરી શકીએ ?

બાળકને સાદગી શીખવવાની બહુ જરૂર છે. સારી વસ્તુ વાપરવી સૌને ગમે પણ લોભામણી અને બાળકનું મન લલચાય તેવી વસ્તુ શાળાએ ન જ લાવવા બાળકને સમજાવી ન શકાય ? ' કોઈની વસ્તુ આપણાથી ન જ લેવાય ' એ તો બહુ નાની ઊંમરથી શીખવવું જ પડે.. રોજેરોજ બાળકનું દફતર બરાબર જોઈને તપાસીને કદાચ કોઈનો પેન્સિલનો ટુકડો આવી ગયો હોય તો તે બીજે દિવસે જેનો હોય તેને પાસે રહીને પાછા અપાવી દેવાનો ખાસ આગ્રહ રખાય તો બાળકને પણ સમજાય કે અનધિકૃત રીતે કોઈની ય વસ્તુ ન જ લેવાય. પણ આ બધી કેળવણી ખાસ્સી ધીરજ અને સમય માંગી લે છે, એની પાછળ પડી જવું પડે છે, આપણે તે કરીએ છીએ ખરા ? આપણે ગેરહાજર રહ્યા હોઈએ કે કોઈ કારણસર નોટ ઉતારી ન શકાઈ હોય ત્યારે બીજાની નોટ કદાચ વિનંતી કરી માંગીને ઉતારી લેવી પડે પણ અનધિકૃત રીતે તે લઈ કેવી રીતે લેવાય ? શ્રમ કર્યા વિના સિધ્ધિ મેળવી જ કેમ શકાય ? 'આપણો અધિકાર ન હોય એવી વસ્તુ આપણાથી ન જ લેવાય.' એ કેળવણી તો બાળકને બહુ નાનપણથી આગ્રહપૂર્વક આપવી જ પડે ,બાળકનું ઘડતર ઘણું મહત્વનું છે. આપણાથી એમાં પાછા કેમ પડાય ! પોતાની વસ્તુની સાચવણી અને બીજાની વસ્તુ ન જ લેવાય એ બંન્નેનો આગ્રહ નાની ઊંમરથી જ રાખવો બહુ જરૂરી છે.

**ઊર્મિલા શાહ**

### સંસ્થાનું ગૌરવ

શારદામંદિર શિશુમંદિરના શિક્ષિકા શ્રી નિકુંજબેન જાનીએ ' સ્વામી વિવેકાનંદકા દાર્શનિક ચિંતન ' વિષય પર લખેલા નિબંધને હિન્દી સાહિત્ય પરિષદે ( અમદાવાદ ) દ્વિતીય પારિતોષિક અર્પણ કર્યું છે. ગુજરાત યુનિવર્સીટી સેનેટ હોલમાં તા.૧૯-૯-૯૮ના રોજ યોજાયેલ સમારંભમાં ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી રામલાલ પરીખને હસ્તે પ્રમાણપત્ર, રજતચંદ્રક અને પુસ્તક આપી શ્રી નિકુંજબેનનુ અભિવાદન કરવામાં આવ્યું.શ્રી નિકુંજબેનને ખૂબ ધન્યવાદ અને હજી ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

## સંસ્થાકીય સમાચાર

**સ્થાપનાદિન :** તા.૩૦-૭-૯૮ નાં રોજ સંસ્થાનો ૭૫મો સ્થાપનાદિન ઉત્સાહભેર ઉજવાયો. મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યનાં ગૃહમંત્રી માનનીય શ્રી હરેનભાઈ પંડયા ઉપસ્થિત રહ્યાં હતાં. શારદામંદિર ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી બિહારીલાલ કનૈયાલાલે પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું. નિયામક અને આચાર્ય શ્રી દિનુભાઈએ સૌનું સ્વાગત કર્યું. શ્રી હરેનભાઈએ આ પ્રસંગે શારદામંદિરની ૭૪ વર્ષની પ્રગતિકૂચને બિરદાવી અને બાલરથીઓને કુંકુમતિલક કરી તેમનું અભિવાદન કર્યું. સંસ્થા માટે બાળક કેન્દ્રસ્થાને છે એના પ્રતીકરૂપે દરેક સ્થાપનાદિને સૌ પ્રથમ બાલપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. કાર્યક્રમની શરૂઆત મા શારદાની પ્રાર્થનાથી થઈ..ત્યારબાદ રંગબેરંગી ધજા અને ફૂગ્ગા લઈને બાળકોની બાલકૂચ, બાલરથ અને છેલ્લે ગરબો. ' મા શારદાનો સાદ'રજૂ થયા. શિશુમંદિરના બાળકોએ આખોય કાર્યક્રમ ખૂબ ઉત્સાહથી સુંદર રીતે રજૂ કર્યો, ને આખુંય વાતાવરણ ભાવનાથી ભર્યું ભર્યું બની ગયું.

બાલમંદિરમાં શાળાનોં ૭૫મો સ્થાપનાદિન ઉજવાયો. મા શારદાની પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. બાળકોથી બનાવેલ રથમાં બાલરથીની સવારી આવી પહોંચી અને એબાલરથીઓનું કુંકુમ તિલક કરીને એ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધારેલ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી ગૌરાંગભાઈ વ્યાસના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું..નાનકડી બાલિકાઓએ સુંદર મજાના રંગબેરંગી ચણિયાચોળી ને ઓઢણીમાં સજ્જ થઈને ' હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશાખુશાલી' અને ' શારદાનો સાદ ' ગરબા રજૂ કર્યા. છેલ્લે બાળકોએ ફૂગ્ગા અને ધજા લઈ ઉત્સાહભેર કૂચ કરી. આખુંય વાતાવરણ આનંદ અને ઉત્સાહથી ધમધમી ઉઠયું. શારદામંદિરનું પ્રાંગણ નાના ભૂલકાંઓનાં કિલ્લોલથી ગાજી ઊઠયું.

## બાલમંદિર

જન્માષ્ટમી : તા.૧૪-૮-૯૮ ને શુક્રવારના રોજ સવારે ૮-૩૦ વાગે બાલમંદિરમાં તાલીમનાં બાળકોએ જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો. બાળકોએ કૃષ્ણલીલાનાં પ્રસંગો ભાવવાહી અભિનય સાથે રજૂ કર્યા. આખા ય કાર્યક્રમમાં નૃત્ય સંગીત અને અભિનયનો ત્રિવેણી સંગમ સુંદર રીતે સધાયો. સુંદર મઝાનાં રંગબેરંગી અને પ્રસંગને અનુરૂપ વેશભૂષામાં સજ્જ થયેલ બાળકોએ માખણચોર કૃષ્ણ,જળકમળ,રાસલીલા વિગેરે અનેક પ્રસંગો ઉત્સાહપૂર્વક અને ભાવસભર હૃદયે રજૂ કર્યા. ' જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે '..., શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનતી અને સાથીદારોનું ભક્તિભાવથી ભર્યું સંગીત અને સાથે નાનકડી જશોદાનો અદ્દભૂત અભિનય... આખું ય વાતાવરણ ભક્તિ સંગીતથી ભર્યું ભર્યું બની ગયું. ' નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી ' બાળકોએ કૃષ્ણ જન્મ આનંદભેર ઉજવ્યો. બાળકોનો આનંદ અપાર હતો.

તા.૧૨-૯-૯૮ને શનિવારે બ વિભાગના બાળકો મીની ઝુ ની મુલાકાતે ગયા.

**સૂચના :** કોઈ પણ કાર્યક્રમ સમયે વાલીઓને ફોટા પાડવાની મનાઈ અન્ય વાલીઓને કાર્યક્રમ જોવામાં વિક્ષેપ ન પડે તે માટે કરવામાં આવે છે, છતાં એસ.એલ.આર કેમેરા જેમની પાસે હોય અને ફોટોગ્રાફી પર પ્રભુત્વ હોય તેવા એક બે વાલીએ ઓફિસમાંથી આગોતરી મંજૂરી લઈને ફોટા પાડવાનું વ્યવસ્થિત આયોજન કરવાનું સંસ્થા આવકાર્ય ગણે છે. આવી મંજૂરી ન મળી હોય તેવા વાલી કેમેરો કાર્યક્રમ સમયે ન જ લાવે તેવી સૂચનાનું પાલન અવશ્ય કરવા વિનંતી છે.

# શિશુમંદિર

**જન્માષ્ટમી** : તા. ૧૪-૮-૯૮ નાં રોજ ધોરણ ૧ થી ૭ ના બાળકોએ કૃષ્ણજન્મ ઉજવ્યો. જેમાં સુદામા આખ્યાન , કૃષ્ણ સુદામા મૈત્રી , નાગદમન, ગોવર્ધન પર્વતનો પ્રસંગ , કૃષ્ણ જીવન પર આધારીત રાસ ગરબો અને ભરતનાટયમ્‌નૃત્ય સંગીત અને અભિનય દ્વારા રજૂ કર્યા. આખો ય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો.

તા. ૨૫-૮-૯૮નાં રોજ પર્યુષણ પર્વ નિમિત્તે ભાવનાનો કાર્યક્રમ યોજાયો. ધોરણ ૫ થી ૭ માં શ્રી સુરેન્દ્રભાઈ શાહે સ્તવની અને ભાવનાગીતો રજૂ કર્યાં. જેમાં બાળકોએ તન્મયતાથી ભાગ લીધો. ધોરણ ૧ થી ૪ નાં બાળકોએ પણ સ્તવનો અને ભાવનાગીતોનો આનંદ માણ્યો.

તા. ૭-૯-૯૮નાં રોજ સંસ્થાના ટ્રસ્ટી, ભૂતપૂર્વ મંત્રી અને કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ચંદ્રકાંત બકુભાઈના અવસાન નિમિત્તે પ્રાર્થના સભામાં ભજન અને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી.

તા. ૫-૯-૯૮નાં રોજ ધોરણ ૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

તા.૧૯-૯-૯૮નાં રોજ ધોરણ ૩ અને ૪ માટે દાંડિયા સુશોભન સ્પર્ધા યોજવામાં આવી.

તા. ૨૬-૯-૯૮નાં રોજ ધોરણ ૫, ૬ , ૭ માટે હીંચ સ્પર્ધા તથા શેરી ગરબાની સપર્ધા યોજાઈ. ધો.૩, ૪ માટે પણ શેરી ગરબાની સ્પર્ધા તા. ૨૮-૯-૯૮નાં રોજ યોજાઈ.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**ધ્વજ સ્પર્ધા :** તા. ૨૮-૭-૯૮

પ્રથમ રત્નદીપ શૈલ શેઠ, જીગર છપ્પન ,પાકૃત પટેલ

દ્વિતીય મેઘનાદ પ્રતિક શાહ, પાર્થ ખમાર ,સુદીપ શાહ

**તોરણ સ્પર્ધા :** તા. ૨૯-૭-૯૮

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ | પાતંજલ વ્યાસ | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | જીગર છપ્પન | ( રત્નદીપ ) |
| | તૃતીય | શૈલ શેઠ | ( રત્નદીપ ) |
| બહેનો | પ્રથમ | પલક શાહ | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | વિધિ. શાહ | ( રત્નદીપ ) |
| | તૃતીય | સોનાલી શાહ | ( ધવલગિરિ ) |
| | | રીમા જોશી | ( ગંગોત્રી ) |

**રાખડી સ્પર્ધા :** તા. ૫-૮-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | ધરા શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | પ્રતિક શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | નિરવ પરીખ | ( રત્નદીપ ) |
| | પાર્થ ખમાર | ( મેઘનાદ ) |

**પારણાં સુશોભન સ્પર્ધા :** તા. ૧૩-૮-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રતિક શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | જીગર છપ્પન | ( રત્નદીપ ) |
| | મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| તૃતીય | શ્લોકા શાહ | ( ગંગોત્રી ) |
| | પ્રિયા શાહ, | ( ગંગોત્રી ) |
| | પાર્થ ખમાર | ( મેઘનાદ ) |

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેનો શીલ દેસાઈ તથા બિરવા શાહે નિર્ણાયક તરીકે સેવા આપી.

**પંચાજીરી સ્પર્ધા :** ( સ્વાદની દ્રષ્ટિએ )

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રાકૃત પટેલ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | પાતંજલ વ્યાસ | ( રત્નદીપ ) |
| તૃતીય | નૂપુર શાહ | ( ધવલગિરિ ) |
| | શચિ અમીન | ( મેઘનાદ ) |

**પંચાજીરી સુશોભન :**

| | | |
|---|---|---|
| પ્રથમ | પાતંજલ વ્યાસ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | શચિ વૈદ્ય | ( ધવલગિરિ ) |
| તૃતીય | ધરા શાહ | ( ગંગોત્રી ) |
| | શચી અમીન | ( મેઘનાદ ) |

**ગણેશની મૂર્તિ બનાવવાની સ્પર્ધા:** તા. ૨૪-૮-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | સુદીપ શાહ | ( મેઘનાદ ). |
| તૃતીય | પાર્થ ખમાર | ( મેઘનાદ ) |

**નંદાવ્રત સાથિયાની સ્પર્ધા :** તા. ૨૪-૮-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈલ શેઠ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | પ્રતિક શાહ | ( મેઘનાદ ) |
| | જીનાલી ઝવેરી | ( મેઘનાદ ) |
| તૃતીય | સમકીત શાહ | ( ધવલગિરિ ) |

**હિન્દી સુલેખન સ્પર્ધા :** તા. ૧૪-૯-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋતુલ જોષી | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | હિરલ ખત્રી | ( રત્નદીપ ) |
| | ઋત્વી ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| તૃતીય | પરીતા દેસાઈ | ( ગંગોત્રી ) |
| | ઉર્વીશ શુકલ | ( ગંગોત્રી ) |

**ગુજરાતી સુલેખન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | હીરલ શાહ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | કેતવ લાખિયા | ( ધવલગિરિ ) |
| | માનસી ગજ્જર | ( રત્નદીપ ) |
| તૃતીય | વૈશલ દલાલ | ( ધવલગિરિ ) |
| | પૂજા દલાલ | ( મેઘનાદ ) |

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | રાહુલ શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | નિરાલી તલાટી | ( ગંગોત્રી |
| | સ્તુતિ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | વિધિ શાહ | ( રત્નદીપ ) |
| | હિમલ શાહ | ( ધવલગિરિ ) |

**રાંદલનો ઘોડોખૂંદ સ્પર્ધા :** તા. ૨૬-૯-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | હીરલ શાહ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | નિરાલી ફોજદાર | ( ગંગોત્રી ) |
| તૃતીય | શિવાની જોષી | ( મેઘનાદ ) |
| | દિવાંગી શાહ | ( ધવલગિરિ ) |

**રાજસ્થાની નૃત્ય :** તા. ૨૬-૯-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ શાહ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | શિવાની જોષી | ( મેઘનાદ ) |
| | નિરાલી ફોજદાર | ( ગંગોત્રી ) |
| તૃતીય | એષા મહેતા | ( ધવલગિરિ ) |
| | હેત ત્રિવેદી | ( ગંગોત્રી ) |

**હીંચ :** ( ભાઈઓ ) તા. ૨૬-૯-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | વૈભવ દવે | ( રત્નદીપ ) |
| દ્વિતીય | મનન પરમાંર | ( ગંગોત્રી ) |
| | અંકિત ચાવડા | ( ધવલગિરિ ) |
| તૃતીય | સોહમ યાજ્ઞિક | ( ગંગોત્રી ) |
| | હર્ષિલ નવાબ | ( મેઘનાદ ) |

**આરતી સુશોભન સ્પર્ધા :** તા. ૨૯-૯-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | કેતવ લાખિયા | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | પ્રતિક શાહ | ( ધવલગિરિ ) |
| | વિધિ શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | જીગર છપ્પન | ( રત્નદીપ ) |
| | દર્શિલ શાહ | ( ગંગોત્રી ) |
| | જીનાલી ઝવેરી | ( મેઘનાદ ) |

## વિનયમંદિર

તા.૨૮-૭-૯૮ નાં રોજ શ્રી અનિલભાઈ ભટ્ટે ' અંગ્રેજી ભાષાનું મહત્વ ' વિષય પર પ્રવચન આપ્યું.

તા.૧૯-૮-૯૮ નાં રોજ ડો.મુગટલાલ યાનકીએ ધોરણ ૮ તથા ૯ ના વિદ્યાર્થીઓ સમક્ષ " એક્યુપ્રેશર અને શિવામ્બુ " વિષે રસપ્રદ અને માહિતીસભર પ્રવચન આપ્યું.

**સ્વાતંત્ર્યદિન :** તા.૧૫-૮-૯૮નાં રોજ શાળાનાં પ્રાંગણમા વિનયમંદિરનાં આચાર્ય શ્રી મનુભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામા આવ્યું. આ નિમિત્તે ચારે ગૃહની માર્ચ પાસ પણ કરવામાં આવી.

### આંતરગૃહ સ્પર્ધા

**સુલેખન** ૧૦-૮-૯૮

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી | પ્રથમ | શર્વિલ ટંકશાળી | ( ગીતગોવિંદ ) |
| | દ્વિતીય | નિશાંત જાદવ | ( મેઘદૂત ) |
| | તૃતીય | હિમાની શાહ | ( મેઘદૂત ) |
| અંગ્રેજી | પ્રથમ | ધ્વનિ વ્યાસ | ( પદ્મપુકુર ) |
| | દ્વિતીય | હિમાની શાહ | ( મેઘદૂત ) |
| | તૃતીય | શાશ્વત ઠાકોર | ( મેઘદૂત ) |

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ તરફથી ૧૯૯૭માં લેવાયેલા પ્રખરતા શોધ પરીક્ષામાં નીચેના વિદ્યાર્થીઓ ઈનામ મેળવે છે તે માટે તેમને અભિનંદન.

**રાજયકક્ષા ધોરણ - ૮**

| | | | |
|---|---|---|---|
| ગણિત | શાશ્વત ઠાકોર | પ્રથમ | રૂ. ૬૦૦ |
| | અર્પણ સોપારકર | નવમું | રૂ. ૨૦૦ |
| વિજ્ઞાન | શાશ્વત ઠાકોર | પ્રથમ | રૂ. ૬૦૦ |
| | અર્પણ સોપારકર | ચોથું | રૂ. ૪૫૦ |
| સમાજવિદ્યા | અપૂર્વ બારોટ | પ્રથમ | રૂ. ૬૦૦ |
| | જૈમિન જોષી | પ્રથમ | રૂ. ૬૦૦ |
| ગુજરાતી | ક્રીશ્ના મોદી | આઠમું | રૂ. ૨૫૦ |
| | શીતલ શાહ | આઠમું | રૂ. ૨૫૦ |
| અંગ્રેજી | માનસી નાગોરી | નવમું | રૂ. ૨૦૦ |
| | શ્રેયા શાહ | નવમું | રૂ. ૨૦૦ |

**જીલ્લા કક્ષાના ઈનામો**

| | | | | |
|---|---|---|---|---|
| ધો. ૮ | ગણિત | શાશ્વત ઠાકોર | પ્રથમ | ૧૨૫ |
| | | અર્પણ સોપારકર | ત્રીજું | ૭૫ |
| | વિજ્ઞાન | શાશ્વત ઠાકોર | પ્રથમ | ૧૨૫ |
| | | અર્પણ સોપારકર | બીજું | ૧૦૦ |
| | | શીતલ શાહ | ચોથું | ૫૦ |
| | સમાજવિદ્યા | કૃષ્ણા મોદી | ચોથું | ૫૦ |
| | | જૈમિન જોષી | પ્રથમ | ૧૨૫ |
| | | અપૂર્વ બારોટ | પ્રથમ | ૧૨૫ |
| | | અર્પણ સોપારકર | ચોથું | ૫૦ |
| | | શીતલ શાહ | ચોથું | ૫૦ |
| | ગુજરાતી | કૃષ્ણા મોદી | પ્રથમ | ૧૨૫ |
| | | શીતલ શાહ | પ્રથમ | ૧૨૫ |
| | | સોહમ શેઠ | ત્રીજું | ૭૫ |
| | | રૂચા દેસાઈ | પાંચમું | ૨૫ |
| ધોરણ -૯ | ગણિત | કુનુર શાહ | ચોથું | ૫૦ |
| | | ચિન્મય શાહ | ચોથું | ૫૦ |
| | ગુજરાતી | કુનુર શાહ | પાંચમું | ૨૫ |
| | | ચિન્મય શાહ | ચોથું | ૫૦ |
| | અંગ્રેજી | અપાલા ત્રિવેદી | ત્રીજું | ૭૫ |

**અભિનંદન :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી અને મેડીકલ માટેનાં ગુણમાં શાળામાં દવે વિવેક પ્રથમ આવે છે. તેમને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે રૂ.૧૦૧/ નું ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

ન્યુ.એસ.એસ.સી. માં ગણિત અને વિજ્ઞાનનાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ કૌશલ યોગેશભાઈ તથા નવાબ માનસીને સ્વ. પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે અપાતું રૂ.૧૦૧/ નું ઈનામ વહેંચાય છે.

**ચેસઃ** ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન દ્વારા આયોજીત ઓપન ગુજરાત સ્ટેટ વિમેન્સ ચેસ ટુર્નામેન્ટમાં કુ.અનૂરી શાહ તૃતીય ક્રમે પસંદગી પામ્યા છે. અને ઓકટોબર મહિનામાં ચિન્નઈ ખાતે રમાનાર ઓલ ઈન્ડિયા ( નેશનલ ) વિમેન્સ ચેમ્પીયનશીપમાં ગુજરાત વતી તે રમશે. બેન અનૂરીને સફળતા મેળવવા માટે શુભેચ્છા.

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન આયોજીત સબ જુનીયર ચેસ સ્પર્ધામાં ચિ. જીલેશ ગાંધીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ને ચેમ્પીયન બન્યા છે. ચિ. આનંદ ત્રિવેદીએ અંડર ૯ માં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાત સ્ટેટ ચેસ એકેડમી આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ.આનંદ ત્રિવેદીએ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચિ. સાગર પારેખે અંડર ૧૦માં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ચેસ પ્લેયર્સ પેરન્ટસ એસોસીયેશન આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ.ગીત મયુર શાહે ૧૫,૧૬ ઓગસ્ટ તથા ૨૬,૨૭ સપ્ટેમ્બરના રોજ (અંડર ૧૪)માં ચેસમાં બંને વખત પ્રથમ આવી બે ટ્રોફી મેળવી છે.(અંડર ૮ ) માં આનંદ ત્રિવેદીને ત્રીજું ઈનામ મળ્યું છે ને ટ્રોફી મળી છે. અંડર (૧૦) માં ચિ.સાગર પારેખે પ્રથમ આવી ટ્રોફી મેળવી છે.

અમદાવાદ ચેસ એકેડમી દ્વારા રમાતી સ્વ.જે.એમ.દવે ટુર્નામેન્ટ પ્લેઝર કલબ ખાતે રમાઈ જેમાં નોન મેડાલીસ્ટ ગૃપમાં ચિ.જીલેશ ગાંધી ૩.૫ પોઈન્ટ મેળવી દ્વિતીય આવ્યા છે. ગૃપ.એ માં સાગર પારેખ પાંચ પોઈન્ટ સાથે પ્રથમ,આનંદ ત્રિવેદી ૩ પોઈન્ટથી ત્રીજા આવ્યા છે. ગૃપ સી માં નિરવ પારેખ ૩ પોઈન્ટથી ત્રીજા આવ્યા છે.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in